# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ.

## લોનની શરતો તથા તેને લગતા નિયમો અને બોલીઓ

### (૧) સભાસદની શરતો :

(1) સંસ્થાની સભાસદ ગૃહમંડળીઓના જ સભાસદોને મકાન બનાવવા/ખરીદવા તથા રીનોવેશન માટે લોનનું ધિરાણ આપવામાં આવશે.

(2) અરજદાર સભાસદે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૫ની કલમો અનુસાર નોમીનલ સભાસદ બનવાનું રહેશે.

(3) નોમીનલ સભાસદ તરીકે ચાલુ તથા વખતોવખતના નિયમો આધીન રહેશે.

(4) નોમીનલ સભાસદ દ્વારા રૂા.૫૦૦/– નોમીનલ સભાસદ ફી તરીકેની રકમ જમા કરવાની રહેશે.

(5) સંસ્થાના બોર્ડ દ્વારા વખતોવખત નક્કી કરે તે મુજબ લોનની રકમ ઉપર નક્કી થયેલ ટકાવારી મુજબના શેર ખરીદવાના રહેશે અથવા લોનની રકમમાંથી કપાત કરવામાં આવશે.

(6) ગૃહમંડળીના જે તે સભાસદ લોન લેવા ઇચ્છતા હોય તે અંગે ગૃહમંડળીનું એન.ઓ.સી. તથા મોર્ગેજ ઠરાવ રજુ કરવાનો રહેશે.

(7) જે ગૃહમંડળીમાં વહીવટ સ્થગિત હોય અથવા વહીવટદારો નિષ્ક્રીય હોય તેવા કિસ્સાઓમાં ધીરાણ આપવામાં આવશે નહી.

(8) અરજદાર દ્વારા વ્યક્તિગત લોનની અરજી સાથે ચેકલીસ્ટ મુજબના પુરાવા તથા તે અંગેની તમામ વિગતો રજુ કરવાની રહેશે.

(9) અરજદારે જ્યાં જરૂર પડે ત્યાં સહી કરવાની તથા હાજર રહેવા સંમત્રીપત્ર આપવું ફરજીયાત છે.

### (૨) ધીરાણની શરતો :

(1) મકાન ખરીદવા/રીકન્સ્ટ્રક્શન/રીનોવેશન માટે સંસ્થા દ્વારા વખતોવખત જે તે નિયમો નક્કી કરવામાં આવશે તે જ પ્રમાણે ધીરાણ કરવામાં આવશે.

(2) મકાન અરજદારને મકાનની કિંમતના દસ્તાવેજની કિંમતના ૮૦ % ની લોન મંજુર કરવામાં આવશે.અથવા બોર્ડમાં નક્કી થયેલ રકમ આપવામાં આવશે.

(3) રીકન્સ્ટ્રક્શન અથવા રીનોવેશન માટે એન્જીનીયર દ્વારા આવેલ અંદાજીત ખર્ચના વધુમાં વધુ ૮૦% ટકાની રકમ લોન તરીકે આપવામાં આવશે.

(4) રીનોવેશન કે રીકન્સ્ટ્રક્શન માટે એન્જીનીયરે જણાવેલ અંદાજીત રકમ સ્થળ તપાસ સમયે વધુ જણાશે તો તે પ્રમાણે માર્જીનની રકમ કાપી લોન મંજુરી ઘટાડાને પાત્ર રહેશે.

(5) અરજદારની મિલ્કત માર્કેટેબલ તથા તેના ટાઇટલ ક્લીયર હોવા જોઇએ.

(6) અરજદારને સોંપવામાં આવેલ લોન જે તે હેતુ માટે લીધેલ હોય તે હેતુ માટે જ વાપરવાની રહેશે

(7) સંસ્થાના નિયમોને આધીન લોનની રકમ વાપરેલ નહી હોય તો સંસ્થા તેની તાત્કાલીક વસુલીના પગલા લેવા હક્કદાર રહેશે અથવા બાકીની લોન કેન્સલ પણ કરી શકશે.

(8) સંસ્થાએ મંજુર કરેલ ધીરાણની પ્રક્રીયા તથા ડોક્યુમેન્ટસ અંગેની કાર્યવાહી દિન-૩૦માં પુર્ણ કરવાની રહેશે. અન્યથા સંસ્થા દ્વારા મંજુર કરેલ ધીરાણની રકમ કેન્સલ કરવામાં આવશે તથા ફેર મંજુરીને પાત્ર રહેશે નહી.

(9) ઇન્સ્પેક્શન(સ્થળ તપાસ) તથા વેલ્યુએશન વખતે અરજદાર દ્વારા જે તે અધિકારીને સહકાર આપી સ્થળ ઉપર હાજર રહેવાનું રહેશે.

(10) અરજદાર ધિરાણ ધિરાણની મુદ્દત પુર્ણ થતા અગાઉ લોન ભરપાઇ કરવા ઇચ્છે તો ૬૦ દિવસ અગાઉ સંસ્થાને જાણ કરવાની રહેશે.

## (૩) ધીરાણની મુદ્દત તથા ધિરાણના દર :-

(1) (૧) અરજદારોની આવેલ અરજીને ધ્યાનમાં લઇ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ/કમીટી દ્વારા નક્કી થયેલ વખતોવખતના વ્યાજ દરના આધારે જ ધિરાણ કરવામાં આવશે.

(2) (૨) અરજદારની લોનની મુદ્દત ખરીદીના કિસ્સામાં મહત્તમ ૧૫ વર્ષના સમયગાળાની રહેશે. અન્ય કિસ્સામાંવધુમાં વધુ ૧૦ વર્ષની મુદ્દત રહેશે.

(3) (૩)અરજદારની મુદ્દતવીતી અથવા ઓવરડ્યુ ધિરાણ ઉપર માસીક ૩ ટકાનો વ્યાજદર વસુલવામાં આવશે.

(4) (૪)લોન મંજુર થયેથી અરજદાર દ્વારા ત્રણ કોરા ચેકો સહી કરીને આપવાના રહેશે.

(5) (૫) સંસ્થા દ્વારા માસીક હપ્તાની રકમ  ની પધ્ધતી દ્વારા અરજદારની બેંકમાંથી સીધા જ જમા લેવામાં આવશે.

## (૪) તારણની શરતો:-

(1) (૧) લોન મંજુર થયેથી અરજદાર દ્વારા પોતાની મિલ્કત સંસ્થાની તરફેણમાં મોર્ગેજમાં મુકવાની રહેશે તથા તેની નોંધ ૭/૧૨ ના ઉતારામાં કરવાની રહેશે.

## (૫) ચાર્જીસ:-

અરજદાર દ્વારા લોન અરજી કરતી વખતે નીચેના ચાર્જીસ ચુકવવાના રહેશે.

(1) લોન અરજી ફી (રૂા.૫૦)

(2) પ્રોસેસીંગ ફી, ઇસ્પેક્શન ફી, સ્થળ તપાસ વખતે અધિકારીએ નક્કી કરેલ રકમ

(3) વેલ્યુએશન રીપોર્ટ અંગેની વેલ્યુઅરની ફી

(4) ટાઇટલ ક્લીયરન્સની વકીલોની ફી

(5) લોનની રકમમાં વીમાનું વાર્ષિક પ્રિમીયમ તથા દર વર્ષે રીન્યુઅલ પ્રીમીયમ

(6) અરજદારની લોન મુદતવીતી થશે તો તે પછીના તમામ કાયદાકીય ખર્ચાઓ અરજદારને ચુકવવાના રહેશે

# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ.

(7) ગુજરાત સહકારી કાયદાને અધિનિયમ કાયદાની કલમ ૧૫૯ મુજબ વસુલાત તથા જપ્તી કરવાના સંસ્થાના તમામ હક્ક અબાધિત રહેશે.

ઉપરની ધીરાણની તમામ શરતો અંગેનો પત્ર અમોને મળેલ છે તથા વાંચી સમજી લીધેલ છે અને તે મુજબ વર્તવા, અનુસરવાની ખાતરી આપીએ છીએ.

સ્થળ :

તારીખ : અરજદારની સહી

## જામીનદારોની શરતો તથા બોલીઓ:–

(1) અરજદારે લીધેલ લોનની રકમ મુદતવીતી થશે તો તે તમામ રકમ અમો ભરપાઇ કરવાને જવાબદાર રહીશું.

(2) અરજદાર તેમની લોનનીરકમ ભરવામાં નિષ્ફળ રહેશે તો અમારી મિલ્કત ઉપર સંસ્થા કાયદેસરની કાર્યવાહી દ્વારા પૈસા વસુલ કરી શકશે.

(3) અમોએ જે જામીનગીરીના સ્ટેમ્પ્ટ દસ્તાવેજ/જામીનખત ઉપર સહી કરેલ છે તેની તમામ શરતો અને બોલીઓને આધીન રહેવાની લેખિત ખાતરી આપીએ છીએ.

જામીનદારની સહી